पुUना International School

Shree Swaminarayan Gurukul, Zundal

# Grade -V

# Gujarati

# Specimen

# copy

# Year- 2021-22

# અનુક્રમણિકા


| ક્રમ | એકમ | પૃષ્ઠ |
|---|---|---|
| 5 | ઠાગાઠૈયા કરું છું | 2 |


## પાઠ-5 ઠાગાઠૈયા કરું છું

- ગિજુભાઇ બધેકા




➢ **અઘરા શબ્દો**

| | | | |
|---|---|---|---|
| 1) | દોસ્તી | 2) | ઘડવું |
| 3) | ખોરી દાનત | 4) | નીંદવું |
| 5) | મોલ | 6) | કાપણી |
| 7) | કોર | 8) | ઠૂંડા |
| 9) | ઢૂંસાં | | |

➢ **શબ્દાર્થ**

| | | | |
|---|---|---|---|
| 1) | દોસ્તી | = | મિત્રતા |
| 2) | ઘડવું | = | ટીપીને સરખું કરવું |
| 3) | ખોરી દાનત | = | ખોટી દાનત |
| 4) | નીંદવું | = | ખેતરમાથીં નકામું ઘાસ કાઢી નાખવું |
| 5) | મોલ | = | પાક |

6) ઢૂંસાં = કણસલામાંથી દાણા કાઢી લીધા પછી રહેતા ફોતરા

7) કોર = બાજું

8) ડૂંડા = કણનાં ડોડા



## સ્વાધ્યાય

➢ **સાહિત્ય**

પ્ર-1 નીચેના પ્રશ્નોનાં જવાબ એક વાક્યમાં લખો.

1) કાગડો અને કાબર સ્વભાવે કેવા હતાં?

જ) કાગડો સ્વભાવે બહુ ચાલાક હતો અને કાબર સ્વભાવે ભોળી હતી.

2) કાગડો અને કાબર શાના વડે ખેતર ખેડવા લાગ્યાં?

જ) કાગડો અને કાબર પોતાની ચાંચ વડે ખેતર ખેડવા લાગ્યાં.



3) કાબરે ખેતરમાં શું વાવ્યું?

જ) કાબરે ખેતરમાં બાજરી વાવી.

4) ખેતર કોણે નીંદી નાંખ્યું?

જ) ખેતર કાબરે નીંદી નાંખ્યું.

5) ખેતરમાં સૌથી વધુ મહેનત કોણે કરી?

જ) ખેતરમાં સૌથી વધુ મહેનત કાબરે કરી.

**પ્ર-2 નીચેના પ્રશ્નોના જવાબ સવિસ્તાર લખો.**

1) કાગડો લુહાર સાથે શા માટે ગપ્પા મારવા લાગ્યો?

જ) કાગડો બહુ ચતુર હતો.તેને કામ કરવું ગમતું ના હતું તેથી તે ચાંચ બનાવ્યાં પછી પણ લુહાર સાથે ગપ્પા મારવા લાગ્યો.

2) નીંદવાનો વખત થતાં કાબરે કાગડાને શું કહ્યું?

જ) નીંદવાનો વખત થતા કાબરે કાગડાને કહ્યુ કે ," કાગડાભાઈ ,કાગડાભાઈ ! ચાલો-ચાલો, બાજરો બહુ સારો ઉગ્યો છે, હવે જલ્દી નીંદવું જોઈએ નહિતર નુકશાન થશે."

3) લુચ્ચો કાગડો કાબરને શો જવાબ આપે છે?

જ) લુચ્ચો કાગડો કાબરને જવાબ આપે છે કે,"ઠાગાઠૈયા કરું છું, ચાંચુડી ઘડાવું છું જાવ, કાબરબેન હું આવું છું."

4) કાગડો ક્યાં ઢગલા પર જઈને બેઠો ? તેને શું થયું?

જ) કાગડો મોટો ઢગલો લેવા માટે ઢૂંસાવાળા ઢગલા ઉપર જઈને બેઠો.તે જ્યાં બેસવા જાય છે ત્યાં એના પગ ઢૂંસામાં ખુપી ગયા અને આંખમાં, કાનમાં ને મોઢામાં બધે ઢૂંસા ભરાઈ ગયા અને કાગડાભાઈ મૂશ્કેલીમાં મૂકાઈ ગયા.

- <u>વ્યાકરણ</u>

## પ્ર-3 નીચેના મૂળાક્ષરોની મદદથી અર્થપૂર્ણ શબ્દો બનાવો.

1) ક, ગ, ડ = કાગડો

2) ખ, ડ, ત = ખેડૂત

3) બ, જ, ર = બાજરી

4) ઢ, ગ, લ = ઢગલો

5) ખ, ત, ર= ખેતર

## પ્ર-4 નીચેના વાક્યો કોણ બોલે છે તે લખો.

1) " બહુ સારું, ચાલો."

જ) આ વાક્ય કાગડો બોલે છે.

2) " ચાલો,બાજરો બહુ સારો ઊગ્યો છે."

જ) આ વાક્ય કાબર બોલે છે.

3) " ખોટી દાનતનાં ફળ હવે બરાબર ચાખશો."

જ) આ વાક્ય કાબર બોલે છે.

## પ્ર-5 ની, નો, નુ, નાં મૂકી નીચેની ખાલી જગ્યા પૂરો.

1) કાગડા<u>ની</u> ચાંચ તૂટી ગઈ.

2) કાપણી નો વખત થયો.

3) કાબર અને કાગડા નું કામ બાજરો કાપવાનું હતું.

## પ્ર-7 નીચેના શબ્દોના વિરુધ્ધાર્થી શબ્દો લખો.

| | | |
|---|---|---|
| 1) સુંદર | X | કદરૂપું |
| 2) મોટું | X | નાનું |
| 3) મુશ્કેલ | X | સરળ |
| 4) નિરાશા | X | આશા |

## પ્ર-8 નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.

1) કણસમાંથી બાજરીના દાણા કાઢી લીધા પછી રહેતાં ફોતરાં = ઢૂંસાં/ ઢૂંઢા

2) ખેતરમાંથી નકામું ઘાસ ઉખેડી નાખવું = નીંદામણ

## ➢ પ્રવૃત્તિ

## ચિત્ર જોઇ વર્ણન કરો. ( પાંચ વાક્ય લખો )

